# ગાંધીનગરમાં સજ્જડ બંધ બાદ જનજીવન સામાન્ય

## શહેરમાં શાંતિનો માહોલ, આજે શાળાઓ પણ ચાલુ : શાંતિના વાતાવરણ વચ્ચે જનજીવન ધબકતુ થયુ

ગાંધીનગર તા ૨૭

રાજયમાં ભડકેલી અનામત આગમાં ફાટી નિકળેલા હીંસક તોફાનો બાદ આજે શાંતિનો સુરજ ઉગ્યો હતો. ગઈકાલે બંધના એલાન બાદ આજે જનજીવન સામાન્ય જોવા મળ્યુ હતુ નગરમાં વેપાર ધંધા ચાલુ રહેવાની સાથે કોઈપણ પ્રકારનો અનઈચ્છનિય બનાવ બનવા પામ્યો ન હતો. નગરની શાળાઓ પણ શુક્રવારે રાબેતા મુજબ ચાલુ રહેશે તેમ પણ જિલ્લા શિક્ષણાતંત્રએ જણાંવ્યુ છે.

પાટીદારોની અનામત લડતના લીધે રાજયમાં છેલ્લા બે દિવસથી જનજીવન અસ્ત વ્યસ્ત થઈ ગયુ છે.બુધવારે બંધના એલાન દરમિયાન તોફાનો થતા કેટલાક શહેરોમાં અને અમુક વિસ્તારોમાં કરફયુ લાદી દેવામાં આવ્યો હતો. જયારે ગાંધીનગર જિલ્લામાં પણ પત્થરમારા સાથે ટોળાના તોફાનોની ઘટના સામે આવતા જિલ્લા પોલીસતંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. બંધના એલાન દરમિયાન સજજટ સ્થિતિ જોવા મળી હતી. જયારે રાજયના અન્ય પ્રમુખ શહેરોની જેમ ગાંધીનગરમાં પણ શાંતુનો માહોલ જોવા મળ્યો હતો. શહેરના શોપિંગ બજોરો ખુલ્લા રહયા હતા જયારે જનજીવન પણ સામાન્ય જોવા મળ્યુ હતુ. શહેરના માર્ગો પર વાહન વ્યવહાર ધબકતો થયો હતો. જયારે કોર્મશિયલ વિસ્તારમાં પણ નાગરિકો ધંધા વેપારમાં લાગી ગયા હતા. બે દિવસના તંગદીલ વાતાવરણના લીધે શહેરની શાળાઓમાં પણ રજા જાહેર કરવામાં આવી હતી. જયારે શુક્રવારે નગરની શાળાઓ ચાલુ રહેશે તેમ પણ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી કક્ષાએથી જણાંવાયુ છે. શિક્ષણતંત્રના સુત્રોના જણાંવ્યા મુજબ શુક્રવારે નગરની શાળાઓ ચાલુ રાખવા સુચના આપી દેવામાં આવી છે. જયારે પરિસ્થિતિને અનુરૂપ આ મામલે શાળાના આચાર્યોને પણ નિર્ણય લેવા છુટ આપવામાં આવી છે. અલબત્ત રજા રાખવા માટે શાળાના આચાર્ય કક્ષાએથી પણ સંજોગોને આધીન નિર્ણય લઈ શકાશે તેમ પણ જણાંવાયુ છે. બીજીતરફ બુધવારે નગરની સરકારી કચેરીઓમાં ખાલીપો જોવા મળ્યો હતો. જયારે આજે કચેરીઓમાં પણ રૂટીન કામગીરી સાથે ધમધમાટ રહયો હતો. જો કે કર્મચારીઓની પાંખી હાજરી હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ.

## હરિની દ્રષ્ટિ...




સાહેબ, અમારો રીપોર્ટ એવું કહે છે... સોશ્યલ મિડીયા ઉપરાંત ઝાડનાં લાકડાથી પણ હિંસા થઈ છે... તો...!!

## આજે પ્રદેશ ભાજપની બેઠક

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષ અને પ્રદેશ પ્રવક્તા આઈ.કે. જાડેજાએ જણાવ્યું છે કે, આવતીકાલ તા. ૨૮-૮-૨૦૧૫ને શુક્રવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે પ્રદેશ પ્રમુખ આર.સી. ફળદુની અધ્યક્ષતામાં અને પ્રદેશ પ્રભારી ડૉ. દિનેશ શર્માની ઉપસ્થિતિમાં ભાજપાના પ્રદેશ હોદેદારો, મોરચાના પ્રદેશ અધ્યક્ષો તેમજ જિલ્લા/મહાનગરના પ્રભારીઓની બેઠક પ્રદેશ કાર્યાલય ખાતે મળશે. આ બેઠકમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ, સંગઠનાત્મક બાબતો તેમજ કાર્યક્રમો અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવશે.

# આંદોલનની આગમાં એસ. ટી. ડેપોને અડધા કરોડનુ નુકશાન

## રોજ દોડતી ૭૭૦ ટ્રીપોના પૈડા થંભી ગયા ગુરુવારે સાંજે સરખેજ રૂટની અમુક બસો દોડાવાઈ

ગાંધીનગર તા ૨૭

પાટીદાર આંદોલનના લીધે રાજયમાં એસ ટી બસોને સળગાવી દેવાતા કરોડા રૂપિયાનુ નુકશાન થયુ છે. જયારે એસ ટી બસો બંધ રહેતા ઘણાં ઠેકાણે મુસાફરો અટવાઈ પડયા છે. આંદોલનની આગમાં ગાંધીનગર ડેપોની પણ બે બસો સળગાવી દેવામાં આવી છે. બે દિવસના અંતે ડેપોને ૫૦ લાખનુ નુકશાન થયુ છે.

પાટીદારોની મહારેલીના લીધે સમગ્ર રાજયમાં તોડફોડ અને તોફાનોના લીધે રાજયમાં ધંધા વ્યવહાર ઠપ્પ થઈ જતા આર્થિક રીતે મોટુ નુકશાન થયુ છે. જયારે એસ ટી બસો પણ સળગાવી દેવાતા નિગમને કરોડો રૂપિયાનુ નુકશાન થયુ છે. રાજયમાં અનામતની આગમાં અંદાજિત ૧૫૦ જેટલી બસો સળગાવી દેવામાં આવી છે.જયારે બસોનો વ્યવ્હાર બંધ રહેતા એસ ટી નિગમને બન્ને બાજુથી નુકશાની સહન કરવાનો વારો આવ્યો છે. ગાંધીનગર ડેપો દ્વારા પણ તોફાની સંજોગોને ધ્યાને લઈ છેલ્લા બે દિવસથી બસ સેવા બંધ રાખવામાં આવી હતી.મંગળવાર બાદ બુધવારે પણ બસ સેવા બંધ રહી હતી. આંદોલનને લીધે બસ સેવાને માંઠી અસર થતા ગાંધીનગર ડેપોને પણ અંદાજિત ૫૦ લાખનુ નુકશાન થવા પામ્યુ છે. ડેપોએ રોજની રૂ ૬ લાખની આવક ગુમાવવી પડી છે. ગાંધીનગર અમદાવાદ વચ્ચે રોજ ૭૭૦ ટ્રીપો દોડાવવામાં આવે છે. જયારે એસ ટી બસ સેવા બંધ રહેતા અન્ય ડેપોના કર્મચારીઆએ પણ ગાંધીનગર ડેપોમાં રોકાવાની ફરજ પડી હતી. જેમના માટે ડેપો કક્ષાએથી રહેવા જમવાની સગવડ કરવામાં આવી છે. અન્ય ડેપોની ૩૫ જેટલી બસો પણ ગાંધીનગર ડેપોમાં પાર્ક કરી દેવામાં આવી છે. જો કે પરિસ્થિતિ મુજબ એસ ટી તંત્ર દ્વારા બસ સેવા તબક્કાવાર વધારવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. અલબત્ત ગુરુવારે સાંજથી સરખેજ રૂટની બસો શરૂ કરી દેવામાં આવી હતી. જો કે શહેરી વિસ્તારમાં એસ ટી બસો દોડાવવામાં ન આવી હતી. શુક્રવારથી રાબેતા મુજબ બસ સેવા શરૂ કરી દેવાશે.



(તસવીર : દિપક જાની)

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની મહત્ત્વની બેઠક આજે બપોરે ૩ વાગે ચેરમેન રાકેશ પટેલની અધ્યક્ષતામાં મળશે.

● ગાંધીનગર જિલ્લામાં પર્વોની ઉજવણીનો માહોલ જામી રહ્યો છે.

● ૫મી સપ્ટેમ્બરે ગાંધીનગર જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષકોની પસંદગી કરી સન્માનિત કરવામાં આવશે.

● ગુજરાતના ૧૫૪ અધિકારીઓને છેલ્લા બે વર્ષમાં તાલીમ માટે વિદેશ મોકલવામાં આવ્યા હતા.

● ગાંધીનગર શહેરમાં પડી ગયેલા વૃક્ષો હજુ સુધી નહિ ખસેડવામાં આવતા તે હવે ગંદકીનું રૂપ ધારણ કરી રહ્યા છે.

## શાંતિની અપીલ

ગાંધીનગર, તા. ૨૭

ભારતીય કિસાન સંઘ ગુજરાત પ્રદેશ દ્વારા હિંસા પરિસ્થિતિને પગલે શાંતિ જાળવવા અપીલ કરવામાં આવી છે.

રાજયની વર્તમાન પરિસ્થિતિમાં કિસાનો શાંતિ અને કોમી એખલાસતા જાળવે તેમજ તમામ કાર્યકરો આ દિશામાં કામ કરે તેવી અપીલ સંઘના અધ્યક્ષ મગનભાઈ પટેલે કરી છે.

# ગાંધીનગર જિલ્લા શાંતિ સમિતિની બેઠક મળી

## જિલ્લામાં સદ્ભાવનું વાતાવરણ અને યુવાનો સંયમ જાળવે તે માટે વિવિધ સમાજના આગેવાનોને માર્ગદર્શક બની શાંતિ જાળવવા અપીલ

ગાંધીનગર, તા. ૨૭

પાટીદાર અનામત આંદોલન બાદ રાજયભરમાં પેદા થેયલ પરિસ્થિતિમાં ગાંધીનગર જિલ્લામાં સામાજિક સમરસસતા જળવાઈ રહે અને સદ્ભાવનું વાતાવરણ પેદા થાય તે માટે જિલ્લા કલેક્ટર રવિશંકરના અધ્યક્ષસ્થાને જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવની ઉપસ્થિતિમાં જિલ્લાના સમાજના અગ્રણીઓ તથા વિવિધ પદાધિકારીઓની શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકના પ્રારંભે કલેક્ટર તેમજ જિલ્લા પોલીસવડાએ કરેલ રજૂઆતના આગેવાનો દ્વારા સામુહિક પ્રત્યુત્તર આપવાના પ્રયત્નોના કારણે હોબાળો મચી જવા પામ્યો હતો. અને એક તબક્કે અધિકારીઓને સભાસ્થળ છોડી જવાની ફરજ પડી હતી. અંતે થોડીક જ વારમાં ફરીથી બેઠક યોજાતા દરેક આગેવાનોને વારાફરથી રજૂઆત કરવાની તક અપાઈ હતી અને તેમને સાંભળ્યા બાદ અધિકારીઓએ શાંતિ અને સંયમ જાળવવાની અપીલ સાથે બેઠક પૂર્ણ કરી હતી.

જિલ્લાના તમામ તાલુકામાંથી આવેલા આગેવાનોએ પણ મક્કમતાથી અધિકારીઓ સમક્ષ પોલીસને સંમય જાળવવા અને રક્ષક તરીકેની ફરજ બજાવવા અપીલ કરી હતી તેમજ પોલીસ કાર્યવાહીમાં નિર્દોષ નાગરિકો ભોગ ના બને તેનું ધ્યાન રાખવા વિનંતી કરી હતી. આ સાથે આગેવાનોએ સામુહિક રીતે દહેગામના પિતા-પુત્રના પોલીસ ફાયરીંગમાં થયેલ મોતની તપાસ કરવા માંગ કરી હતી. કેટલાક આગેવાનોએ પોલીસના દમનની પ્રતિક્રિયા રૂપે પરિસ્થિતિ વણસી હોવાની રજૂઆત સાથે 'અમે લાશોનું રાજકારણ કરતા નથી' તેવો ટોણો પણ માર્યો હતો. જોકે તમામ આગેવાનોએ એક જ સૂરમાં અધિકારીઓને શાંતિ અને સંયમ જાળવવાની તથા યુવાનોને નિયંત્રણમાં રાખવાની ખાત્રી ઉચ્ચારી હતી.



ગાંધીનગર જિલ્લામાં બનેલા બનાવો સંદર્ભે જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરના અધ્યક્ષસ્થાને અને જિલ્લા પોલીસ વડા શ્રી વિરેન્દ્રસિંહ યાદવની ઉપસ્થિતિમાં જિલ્લાના સમાજના અગ્રણીઓ અને વિવિધ પદાધિકારીઓની શાંતિ સમિતિની બેઠક મળી હતી.

જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત સમાજના આગેવાનોને અપીલ કરી હતી કે, ગાંધીનગર જિલ્લામાં અન્ય જિલ્લાઓની સરખામણીએ દુઃખદ બનાવો ખૂબ ઓછા બન્યા છે. જાહેર સંપત્તિને નુકશાન ન થાય અને શહેર તથા ચાર તાલુકાઓ સહિત ગામડાઓમાં ભાઈચારો અને સદ્ભાવનું વાતાવરણ જળવાઈ રહે તથા યુવાધન સંયમ જાળવે અને વર્ગ-વિગ્રહ સહિત અઘટિત બનાવો બનતા અટકે તે માટે સમાજના આગેવાનોને માર્ગદર્શક બની શાંતિ જાળવવા સક્રિય ભૂમિકા અદા કરવા જણાવ્યું હતું.

જિલ્લા પોલીસ વડા શ્રી વિરેન્દ્રસિંહ યાદવે જણાવ્યું હતું કે, કલોલ અને માણસાના બનાવોને બાદ કરતા કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ સારી છે. જિલ્લા પોલીસ તંત્ર પણ પ્રજા અને સમાજના આગેવાનો સાથે સંકલન કરીને સંયમથી ફરજો બજાવે છે. જાહેર સંપત્તિને નુકશાન ન થાય અને સમાજના આગેવાનો-વડીલો અને વાલીઓ દ્વારા યુવાનોને સમજાવીને યુવાધન સંયમથી વર્તે અને ઝડપથી કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ પૂર્વવત બને તેમાં સાથ-સહકાર આપવા અપીલ કરી હતી.

જિલ્લા કલેક્ટરશ્રી રવિશંકર અને જિલ્લા પોલીસ વડા શ્રી વિરેન્દ્રસિંહ યાદવે સમાજના વિવિધ આગેવાનોની રજૂઆતો અને સૂચનો સાંભળીને કોઈપણ સૂચનો અને આવેદન લેખિતમાં આપવા જણાવ્યું હતું. વાટાઘાટો જ એકમાત્ર વિકલ્પ હોઈ કાયદો-વ્યવસ્થા જાળવવામાં સાથ-સહકાર આપવા વિનંતી કરી હતી.

શાંતિ સમિતિની બેઠકમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત વિવિધ સમાજના અગ્રણીઓએ કાયદો-વ્યવસ્થા જાળવવામાં અને યુવાનોને સંયમ જાળવીને જિલ્લામાં પરિસ્થિતિ ઝડપથી પૂર્વવત બને અને તમામ સમુદાયના લોકોને શાંતિ અને સદ્ભાવ જાળવવાના કાર્ય કરશે તેવી ખાત્રી આીપી હતી.

આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર શ્રી વી.જી. કાલરિયા, ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી રાકેશકુમાર વ્યાસ, મામલતદાર શ્રી ડી.જી. મોદી સહિત વિશાળ સંખ્યામાં વિવિધ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સસ્પેન્ડ થયેલા વિપક્ષના સભ્યો વેલમાં બેસી જતાં સાર્જન્ટોએ ટીંગાટોળી કરી બહાર લઈ ગયા

ગાંધીનગર, તા. ૨૭

વિધાનસભા ગૃહમાં વિપક્ષ કોંગ્રેસના ધારાસભ્યો સૂત્રોચ્ચાર સાથે વેલમાં ઘસી આવતા અને ગૃહમાંથી બહાર ન જતાં સાર્જન્ટોએ ટીંગોટાળી કરી કોંગ્રેસના સભ્યોને ગૃહમાંથી બહાર લઈ ગયા હતા.

આજે વિધાનસભા ગૃહની કાર્યવાહી બે વાર મુલ્તવી રખાયા બાદ ફરી ગૃહની બેઠક મળી ત્યારે કોંગ્રેસના સભ્ય શક્તિસિંહ ગોહીલે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવાનો પ્રયાસ કરતાં વિધાનસભા અધ્યક્ષે પરવાનગી ન આપતા વિપક્ષ કોંગ્રેસના સભ્યોએ સૂત્રોચ્ચાર શરૂ કરીને ગૃહમાં હોબાળો મચાવી ગૃહની કાર્યવાહી ખોરવી નાંખી હતી.

સતત ૧૫ મિનિટ સુધી વિપક્ષ કોંગ્રેસના સભ્યોએ સૂત્રોચ્ચાર કરીને વિધાનસભાના અધ્યક્ષ અને સચિવશ્રીની ખુરશી તરફ ચોપડીઓનો ઘા કરીને ધાંધલ કરી હતી. ● અનુસંધાન પાના - ૭ પર

**રક્તદાન - મહાદાન**

જો જો ચૂકી ન જતા !

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર નું

લવાજમ ભરવાનો - અઢળક લાભો મેળવવાનો

છેલ્લો દિવસ તા. ૩૧ ઓગસ્ટ

વાર્ષિક લવાજમ યોજના

ગાંધીનગરની ટોપ ૧૨૫ બ્રાન્ડસની ૫૦૦ જેટલી ગિફ્ટ ડિસ્કાઉન્ટ કૂપન મેળવો




લાખોના ૧૦૧ ઈનામો

તા. ૩૧ ઓગસ્ટ સુધીમાં નોંધાયેલા ગ્રાહકો માટે વિશેષ ઈનામી ડ્રો

તમામ અખબાર વિતરકો, સંસ્થા પ્રતિનિધિઓ અને શુભેચ્છકોને ગ્રાહકોના નામ-સરનામા, લવાજમ નોંધણી બૂક તાકીદે કાર્યાલય પહોંચાડવા અનુરોધ છે
તા. ૪ સપ્ટેમ્બર, ૨૦૧૫ થી આપનું પોતાનું અખબાર આપના સુધી નિયમીત પહોંચશે.

વાર્ષિક લવાજમ ભરવા માટે આજે જ સંપર્ક કરો
684/1, સેક્ટર-8, ગાંધીનગર-382008.
ફોન : (079) 23222571, 23237571